તારીખ: 28 May 2020
લેખાંક: 48

# LOCKDOWN:
# આશીર્વાદ કે અભિશાપ?

ACHARYA VIJAY MUKTIVALLABH SURIJI

## Humanity V/S Professionalism...

એક શહેરમાં એક વિચિત્ર સેમિનાર ભરાયો. જીવનમાં નિષ્ફળ ગયેલી વ્યક્તિઓનો આ સેમિનાર હતો. અનેક લોકો આ સેમિનારમાં ઉપસ્થિત થયા. હતા. એક પછી એક દરેકે પોતાનું વક્તવ્ય રજૂ કરવાનું હતું.

એક વિદ્યાર્થી ઊભો થયો : હું એક નિષ્ફળ વિદ્યાર્થી છું. ઘણી મહેનત કરવા છતાં મને સફળતા મળતી નથી. દરેક ધોરણમાં મેં બે બે વર્ષ કર્યા છે. પ્રથમ પ્રયાસે એકવાર પણ પાસ થયો નથી.

એક વેપારીએ કહ્યું : હું નિષ્ફળ વેપારી છું. અનેક ધંધા બદલ્યા પરંતુ એક પણ ધંધામાં મને સફળતા મળી નથી.

એક રાજકારણી ઊભો થયો. તેમણે કહ્યું : હું એક નિષ્ફળ રાજકારણી છું. જુદા જુદા સ્તરની આજ સુધીમાં ૨૨ વાર ચૂંટણી લડ્યો છું. પણ દરેક વાર હારી ગયો છું.

આમ દરેક જણ પોતાની નિષ્ફળતાનો પરિચય આપતા ગયા.

પછી, એક ભાઈ ઊભા થયા તેમણે પોતાનું વક્તવ્ય શરૂ કર્યું :
વિદ્યાર્થી તરીકેની વાત કહું તો મેં ખૂબ સારી કારકિર્દી હાંસલ કરી છે. Throughout my career હું હંમેશા First જ ઉતીર્ણ થયો છું. I never stood second.
હું B.Com.. M.com.. LLB.. C.A.. C.S.. MBA થયો છું. મારી પોતાની મોટી ઇન્ડસ્ટ્રી છે. તે ધમધોકાર ચાલે છે. એટલે હું એક સફળ ઉદ્યોગપતિ અને મોટો શ્રીમંત છું. હું બેન્કનો ડિરેક્ટર છું. ચાર વાર ચૂંટણી લડ્યો છું. ચારેય વાર જીત્યો છું...

હજુ તેનું બોલવાનું ચાલુ હતું. સંચાલકે તેમને અટકાવ્યા અને કહ્યું :
ભાઈ ! તમે ખોટી જગ્યાએ આવી ગયા છો. તમે તો જિંદગીના બધા ક્ષેત્રે સફળતા મેળવી છે. આ નિષ્ફળ વ્યક્તિઓનો સેમીનાર છે. તમારું અહીં કામ નથી.

પેલા ભાઈએ કહ્યું : હું ખોટી જગ્યાએ નથી આવ્યો. મને ખ્યાલ છે કે આ નિષ્ફળ વ્યક્તિઓનું સંમેલન છે. જીવનના બધા ક્ષેત્રોમાં મેં જ્વલંત સફળતા મેળવી છે તેની ના નહીં. પરંતુ, હું માણસ તરીકે નિષ્ફળ ગયો છું. મારી પાસે ડિગ્રીઓ છે... હોશિયારી છે... Influences છે... સ્ટેટસ છે... પૈસા છે... બધું જ છે પણ માણસાઈનું નામનિશાન નથી. મારામાં કોઈ નૈતિકતા કે પ્રમાણિકતા નથી. હું પૈસા ખાતર કંઈ પણ કરી શકું છું. મારામાં દયાનો કે માનવતાનો છાંટો નથી. મારા જીવનમાં કોઈપણ જાતના Morals કે Ethics નથી. હું નિષ્ફળ માણસ છું.

આ વ્યક્તિ ભલે જીવનમાં પ્રામાણિક નહીં હોય.. પરંતુ હું પ્રમાણિક નથી તે પ્રમાણિકતાથી સ્વીકારવું  તે પણ મોટી વાત છે.

આજે આ પ્રકારના નિષ્ફળ વ્યક્તિઓથી સમાજ અને દેશ ઉભરાય છે...

જે વ્યક્તિ મોટો એન્જિનિયર કે આર્કિટેક્ટ છે પણ માણસ નથી... મોટા ડોક્ટર અને વકીલ છે પણ માણસ નથી... જે મોટા નેતા કે અભિનેતા છે પણ માણસાઈ મરી પરવારી છે... આ બધા સમાજને માટે ભારરૂપ છે. તે પોતાનું, પોતાના પરિવારનું કે સમાજનું કોઈનું કાંઈ ભલું કરી શકતા નથી.

મારી પાસે ક્યારેક વિદ્યાર્થીઓ-યુવાનો આવીને પોતાના ભાવિ જીવનના સપનાઓની વાત કરે ત્યારે હું કહેતો હોઉં છું :
" જે બનવું હોય તે બનજો પણ માણસ મટીને કાંઈ ન બનતા. "

છેલ્લા બે-ત્રણ મહિનાથી ચાલી રહેલી કોરોના મહામારીનાં માહોલમાં ખાસ કરીને મેડિકલ ફીલ્ડમાં Humanity અને Professionalism સામ સામે આવી ગયા છે. ડોક્ટરો માટે સેવા અને માનવતાની જંગી માર્કેટ ખૂલી ગઈ છે. તબીબી વ્યવસાય એટલે સેવાનું Mission. હોસ્પિટલો અને ક્લિનિકો એટલે સેવાતીર્થ. ઘણા ડોક્ટરો, નર્સો વગેરે કોરોનાનાં જોખમની પરવા કર્યા વિના કોરોના વોરીયર બનીને ઝઝૂમ્યા છે. અને ઝઝૂમી રહ્યા છે. દિવસના ૧૨ થી ૧૪ કલાક કાળઝાળ ગરમી વચ્ચે સખત પરિશ્રમ લઈને કોરોનાનાં દર્દીઓની સેવા કરી રહ્યા છે. ખડે પગે તેમનો અવિરત સેવાયજ્ઞ ચાલી રહ્યો છે. આ સેવાયજ્ઞમાં અનેક ડોક્ટરો, નર્સોને કોરોનાનો ચેપ લાગી ગયો છે. કેટલાકને ક્વોરન્ટાઇન થવું પડ્યું. આ બધી તકલીફો વેઠીને પણ આ સેવાવ્રતી ડોક્ટરો, નર્સો પોતાનું સેવાવ્રત ચૂક્યા નથી.

તેમને તો જાણે આ સેવાની અને માનવધર્મ બજાવવાની ખરી સિઝન ખુલી. રાત-દિવસ જોયા વગર અને પોતાની કોઈપણ અનુકુળતાનો વિચાર કર્યા વગર તેમણે નિષ્ઠાપૂર્વક અદભુત સેવા કરી છે. આવા તબીબો નર્સો કદાચ અનેક દર્દીઓને મોતના મુખમાંથી બચાવવામાં મજબૂત નિમિત્ત બન્યા હશે.

તેઓ પોતાના કે પોતાના પરિવારના સ્વાસ્થ્યને જોખમમાં મૂકીને પણ નિષ્ઠાપૂર્વક પોતાના કર્તવ્યને સ્વધર્મ સમજી અદા કરી રહ્યા છે. તેઓનું આ પરાક્રમ સરહદ પર રહેલા લશ્કરનાં જવાનોની યાદ અપાવે એવું છે.

બીજી બાજુ ચિત્ર ઘણું દુ:ખદ છે. આ મહામારી કદાચ કેટલાકને માટે ધુમ પૈસા કમાવવાની સિઝન બની ગઈ હોય તેવું ભાસે. હોસ્પિટલો સેવાતીર્થ મટીને સ્વાર્થકેન્દ્ર બની ગયેલા દેખાય છે. કોવિડની કોઈ વિશેષ ટ્રીટમેન્ટ નથી. હોસ્પિટલમાં દર્દીને એવી કોઇ વિશેષ ટ્રીટમેન્ટ આપવામાં આવતી નથી. હવે તો કેટલીક હોસ્પિટલોમાં આયુર્વેદિક કે હોમિયોપેથીક ટ્રીટમેન્ટ અપાય છે. તે છતાં એક એક દર્દીના પ્રાઇવેટ હોસ્પિટલોમાં પાંચથી સાત લાખ રૂપિયાના પેકેજ હોય છે. બાયપાસ સર્જરી કે કેન્સરના ઓપરેશન જેવા કે તેથી પણ વધારે મોંઘા પેકેજ ઘણી હોસ્પિટલો કોવિડના દર્દીઓ પાસેથી વસૂલે છે.

એક બાજુ ચારેતરફ માનવતાનો યજ્ઞ મંડાયો દેખાય. અનેક સંસ્થાઓ અને વ્યક્તિગત ધોરણે અનેક વ્યક્તિઓ જોરશોરથી સેવાની પ્રવૃત્તિ કરી રહ્યા છે. બબ્બે મહિનાથી પોતાના ધંધા વ્યવસાય બંધ હોવા છતાં લોકો હજારો લાખો અને કરોડો રૂપિયાના દાન આપે છે. બબ્બે મહિનાથી ફૂડપેકેટ્સ ના વિતરણ કરે છે. ખીચડીઘરો ચલાવીને શ્રમિકો વગેરેને ખવડાવે છે. અનાજ કરિયાણાના વેપારીઓ પણ સસ્તા ભાવે અનાજ આપે છે. તાતા.. ટોરેન્ટ.. રિલાયન્સ.. અદાણી વગેરે કોર્પોરેટ કંપનીઓએ પણ કરોડો રૂપિયાના ડોનેશન ડિક્લેર કર્યા છે. સૌ પોતપોતાની રીતે કાંઈને કાંઈ માનવસેવા આ દિવસોમાં કરી રહ્યા છે. ત્યારે હોસ્પિટલોએ પણ રૂટીન ચાર્જ કરતાં પણ સાવ મામૂલી ફી રાખીને દર્દીઓની ચિકિત્સા કરવી જોઈએ. તેના બદલે દર્દીઓની લાચારીનો ગેરલાભ ઉઠાવીને આ હોસ્પિટલો ધુમ પૈસા પડાવે તે કેટલી હદે યોગ્ય કહેવાય ?

ઇમરજન્સી કેસ આવે ત્યારે તેને તાત્કાલિક ટ્રીટમેન્ટ શરૂ કરી દેવાની હોય. પરંતુ આજકાલ ઇમરજન્સી કેસમાં પણ કોવિડ ૧૯ નાં રિપોર્ટનો આગ્રહ રાખવામાં આવે છે. પહેલા ટેસ્ટ કરાવો રિપોર્ટ નેગેટિવ આવશે તો દાખલ કરીશું. હાર્ટએટેકના પેશન્ટને કલાકોના કલાકો સુધી બહાર વેઇટિંગમાં બેસી રહેવું પડે છે. કેટલાય દર્દીઓ હોસ્પિટલની લોબીમાં જ મૃત્યુ પામી જાય છે. કેટલાક દર્દીઓ વિલંબિત ટ્રીટમેન્ટને કારણે એમ્બ્યુલન્સમાં જ મોતને વહાલુ કરે છે.

મુંબઈની એક પ્રાઇવેટ હોસ્પિટલના Owner M.D. ડોક્ટરે તેમનાં એક મિત્ર પર કરેલો મેસેજ વાંચ્યો હતો. તેમણે લખ્યું હતું : અત્યારે જે રીતે હોસ્પિટલો અને ડોક્ટરો લોકોની લાચારીનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે તેનાથી સંપૂર્ણ ડોક્ટર કોમ્યુનિટીએ સમાજમાં પોતાનું Respect ગુમાવી દીધું છે. આ Respect પાછું મેળવતા વર્ષોના વર્ષ લાગી જશે.

દિલને અત્યંત પીડા થાય તેવા બનાવો પ્રકાશમાં આવ્યા છે. એક હોસ્પિટલમાં એડમિટ થતા પૂર્વે કહેવામાં આવ્યું કે વધુમાં વધુ ફી રૂપિયા બે લાખ થશે તેથી વધારે નહીં થાય. સારવાર દરમિયાન દર્દી મૃત્યુ પામ્યો. હોસ્પિટલે પાંચ લાખનું બિલ આપ્યું. અને તે ભરે નહીં ત્યાં સુધી મૃતદેહ સોંપવાની મનાઈ કરી. મામલો તંગ બન્યો. પોલીસ બોલાવવી પડી. પોલીસની દરમિયાનગીરીથી બે લાખ એંસી હજાર માં સેટલમેન્ટ થયું. માણસનું તો મૃત્યુ થયું... માણસાઈ જીવતી હતી ખરી ?

ઘણા કિસ્સાઓ સાંભળવા મળે છે. જીવતા માણસને બાનમાં લઇ ખંડણી માંગવામાં આવે છે. તેને ગુંડાગીરી કહેવામાં આવે છે. તો મૃતદેહને બાનમાં રાખી પૈસા વસૂલવા તેને શું કહેવું ?

આવા તો એક નહીં અનેક બનાવો રોજ અખબારમાં વાંચવા મળે છે. અરે ! હોસ્પિટલમાંથી મૃતદેહ સ્વજનોને સોંપવામાં આવે ત્યારે મૃતદેહના શરીર પરથી ઘરેણા ગાયબ થઇ ગયેલા હોય છે તેવા પણ બનાવો બન્યા છે.

કોરોના ટ્રીટમેન્ટમાં કોઈ ઓપરેશન નથી. વિશેષ કોઇ દવા નથી. તેમાં પાંચથી સાત લાખના પેકેજ વસૂલ કરાતા હોય ત્યારે માનવું પડે કે તબીબી વ્યવસાય એ સેવા વ્યવસાય નહીં પણ વેપાર બની ગયો છે.

હાઈકોર્ટે આ બાબતની ગંભીર નોંધ લઇ સૂચના કરવી પડી કે પ્રાઇવેટ હોસ્પિટલે વર્તમાન સંજોગોમાં સરકારી દરથી ટ્રીટમેન્ટ આપવી જોઈએ. હાઇકોર્ટના સૂચનથી પણ અસર ન થતાં ફરી હાઇકોર્ટે કડક સૂચન કરતા રાજ્યના આરોગ્ય વિભાગે જાહેરનામું બહાર પાડીને ખાનગી હોસ્પિટલોને સરકારી દરે સારવાર આપવા આદેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ બોબડે એ  કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને કહ્યું છે કે સરકારે ઘણી ખાનગી હોસ્પિટલોને ઓછા મૂલ્યે કે વિનામૂલ્યે જમીનો આપી છે. અત્યારે સરકારે તે હોસ્પિટલોને ઓછા દરે સારવાર આપવા ફરજ પાડવી જોઈએ.

પ્રિવેન્ટિવ ફાર્માસ્યુટિકલ કંપનીઓ અને સર્જીકલ ઉપકરણની કંપનીઓ પણ અત્યારે આ તકનો ખૂબ ગેરલાભ ઉઠાવી રહ્યા છે.

આ સમય ખૂબ કપરો છે. સૌ કોઇ મુશ્કેલીમાં અને ભીંસમાં છે. માનવે માનવની પડખે ઊભા રહીને એકબીજાને હમદર્દી, સહાનુભૂતિ અને યથાશક્ય સહાયતા આપવાનો આ અવસર છે. જેની પાસે જે સંપત્તિ કે શક્તિ હોય તેના દ્વારા માનવસેવા કરવા પ્રેરિત થવું જોઈએ. અત્યારે સૌથી વધારે સેવાની તક તબીબી ક્ષેત્રમાં જોડાયેલા તમામને મળી છે. આ અવસરને સેવાનો અવસર સમજી આ સેવાયજ્ઞ માંડી દેવો જોઈએ. આ પૈસા કમાવાની મોસમ નથી. પણ પુણ્ય કમાવાની મોસમ છે. આ Professional બનવાની સીઝન નથી, પણ Emotional બનવાની સિઝન છે. જો કે ઘણા ડોક્ટરો સેવાયજ્ઞની જેમ અત્યારે દર્દીઓની સેવામાં રચ્યા પચ્યા રહે છે. પોતાના અંગત સ્વજન હોય તે રીતે દર્દીઓની Care કરે છે.

બહુરત્ના વસુંધરા ! પંક્તિની યાદ અપાવે તેવા ડોક્ટરો પણ દૃષ્ટિગોચર થાય છે. અમદાવાદના ખ્યાતનામ બાયપાસ સર્જન ડોક્ટર ભૂપેશભાઈ ડી. શાહ એક ઉત્તમ ધર્મ શ્રદ્ધાસંપન્ન અને આચારસંપન્ન ડોક્ટર છે. કહેવું પડે કે તે ડોક્ટર નથી પણ દેવદૂત છે. તબીબી વ્યવસાયની સાથે અનેકવિધ સેવાપ્રવૃત્તિ તેમની ચાલતી હોય છે. ગરીબ કે મધ્યમ સ્થિતિના દર્દીઓની ઓછા મૂલ્યે કે વિનામૂલ્યે પણ સારવાર આપે છે. છેલ્લા અઢી મહિનાથી તેમણે તબીબી વ્યવસાય ને સાઇડ પર રાખીને ભવ્ય સેવાયજ્ઞ શરૂ કર્યો છે. માનવસેવા સમાજ કલ્યાણ ટ્રસ્ટનાં પ્લેટફોર્મ દ્વારા તે ભૂપેશભાઈ વર્તમાન Lockdown ની પરિસ્થિતિમાં હજારો શ્રમિકો, ગરીબો અસરગ્રસ્તોને ભોજન પાણી આપવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. અનેક સ્થળે ખીચડીઘરો ઉભા કર્યા છે. છેલ્લા બે મહિનાથી રોજ ૪૫ થી ૫૦ હજાર લોકોને ભોજન ખવડાવે છે.

રેલ્વેસ્ટેશનો, સાર્વજનિક સ્થળો, ફૂટપાથો, ઝૂંપડપટ્ટીઓમાં જઈને ભૂખ્યા લોકોનાં પેટની આગને ઠારે છે. ૭ થી ૧૨ સેન્ટરોમાં રસોઈ થાય છે. ખીચડી, થેપલાં, મરચાં, આચાર, બિસ્કીટ, છાશ, ચા વગેરે ચીજો ગરીબોને વહેંચે છે. રોજનું હજારો લિટર મિનરલ વોટર તરસ્યા લોકોના કંઠ સુધી પહોંચાડે છે. હજારો પરિવારોને ધાન્ય કરિયાણાની કીટો વહેંચી છે. રાતદિવસ ડોક્ટર ભૂપેશભાઈ આ સેવાકાર્યમાં વ્યસ્ત રહે છે. તેમની સાથે ૪૦ થી ૫૦ સ્વયંસેવકોની ટીમ જોડાયેલી છે.

આવા ડોક્ટરો તબીબી ક્ષેત્રનું ગૌરવ છે... આભૂષણ છે... ઘરેણું છે...

- મુક્તિવલ્લભસૂરિ

28 May 2020